# વ્યક્તિત્વમુદ્રાંકિત રસપ્રદ નિબંધવિમર્શ | ભાનુપ્રસાદ પંડ્યા

[**'નિબંધબોધ'** : ડૉ. પ્રવીણ દરજી, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૮, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, અમદાવાદ-૩૮૦૦૦૧, પૃ. ૧૭૮, કિં. રૂ. ૧૧૫]

નિબંધ જેમનાં સંશોધન, સર્જન અને વિવેચનનો સતત રસપ્રદ વિષય રહ્યો છે, એવા ડૉ. પ્રવીણ દરજીએ આ સાહિત્યસ્વરૂપની બહુપાર્શ્વ મુદ્રાઓને ઝીણવટથી ઝીલી છે. દસ જેટલા લલિત નિબંધના સંગ્રહો તથા નિબંધના સ્વરૂપ અને વિકાસ વિશેનો તેમનો અધ્યયનગ્રંથ આપીને તેમણે નિબંધના પ્રદેશમાં સાનંદ વિહાર કરેલો છે. 'લલિત નિબંધ' અને 'નિબંધ અને નિબંધન' જેવાં બે પુસ્તકો પછી તેઓ 'નિબંધબોધ' લઈને આવે છે, ત્યારે સહૃદયી સાહિત્યને તેમાં ઉત્સુકતા અને જિજ્ઞાસા સાથે પસાર થવાનું મન થાય.

આ સંગ્રહના ચાર વિભાગોમાં 'નિબંધ – સ્વરૂપ, તત્ત્વ, કેફિયત', 'કેટલાક નિબંધકારો અને તેમના નિબંધો', 'પ્રવાહદર્શન' તથા 'કેટલાક નિબંધસંગ્રહો' વિશેની સ્વરૂપચર્ચા, ઐતિહાસિક વિકાસરેખા તથા કૃતિસમીક્ષા પ્રાપ્ત થાય છે. પુસ્તકના શીર્ષકમાં તેમણે યોજેલી 'બોધ' સંજ્ઞા દ્વારા આપણે લેખકની 'સમજ' અને 'પ્રતીતિ' એવો મર્મ પામી શકીએ.

પ્રથમ લેખ 'લલિત નિબંધમાં સર્જકની છબી'માં તેમણે ગદ્યની અનેકવિધ તરેહો ધરાવતો અને એની બહુમુખી છટાઓ દાખવતો નિબંધ કેવું 'અવ્યાખ્યેય' સ્વરૂપ છે તે મુદ્દો અનેક દૃષ્ટાન્તોથી સ્ફુટ કર્યો છે. કવિતા, વાર્તા, નાટકના પ્રદેશોમાં ધસી જઈ ભેદરેખા ભૂંસી નાખતો નિબંધ એના સ્વરૂપની કેવી અભિનવતા ધરાવે છે, તે સમસ્યા પણ રસપ્રદ રીતે રજૂ થઈ છે. નિબંધસર્જકનું વ્યક્તિત્વ, એની છબી જ આ સાહિત્યસ્વરૂપ વિશેની બધી ગૂંચો ઉકેલી આપે છે – એ પ્રકારની એમની વિચારણા સાચી દિશાની છે. પછીથી ફ્રેન્ચ આદ્યનિબંધકાર મોન્ટેઇનના વિધાન 'It is myself pourtray' – 'હું મારી જાતનું ચિત્ર અંકિત કરું છું'નો મર્મ તેઓ સરસ રીતે વિસ્તારી આપે છે. નિબંધમાં પ્રગટતો 'હું' તે 'વાસ્તવ'નો નહિ પણ, તેમાં 'એનું Conceptual રૂપ ઊઘડતું આવે છે.' – એવું વિધાન કરીને શ્રી દરજીએ નિબંધસર્જકનું 'વાઙ્મય વ્યક્તિત્વ' એમાં પ્રકટે છે, એ વાત સ્પષ્ટ કરી છે.

બીજા અભ્યાસલેખ 'હાસ્યલેખ, હાસ્યનિબંધ, લલિત નિબંધ' અને 'હિંડોળો ઝાકમઝોળ' સ્વરૂપલક્ષી અને કૃતિલક્ષી અભ્યાસ છે. નિબંધસ્વરૂપોની સૂક્ષ્મ વ્યાવર્તકતા દર્શાવી સ્વ. બકુલભાઈના નિબંધસંગ્રહનું કૃતિલક્ષી અવલોકન અહીં થયું છે. હાસ્યલેખ તો બહુધા મોજ-મજા, સમયવર્તી સામાજિક સંદર્ભને અનુલક્ષીને વ્યંગ-ઉપહાસ્ય દ્વારા સપાટી પરનું હાસ્ય ઉત્પન્ન કરવાનો હેતુ રાખે છે. હાસ્યનિબંધનું લક્ષ્ય પણ હાસ્ય છે, પરંતુ તેમાં હાસ્ય સાથે નિબંધનું સ્વરૂપ પણ સિદ્ધ થવું ઘટે. શિષ્ટ, સૂક્ષ્મ, રસકીય કક્ષાએ પહોંચતા હાસ્યનું તેમાં નિરૂપણ હોય છે. જ્યારે લલિત નિબંધ હાસ્યવિરોધ નથી, પણ હાસ્ય એમાં એકાદ અંશ રૂપે હોય. લખનારના વ્યક્તિત્વની એક વિશિષ્ટ મુદ્રારૂપ એમાં હાસ્યની ઝલક હોય છે. આટલો ભેદ દર્શાવી પછીથી બકુલભાઈના 'આભારનો ભાર', 'બોલો, શા સમાચાર છે ?', 'હસવું એટલે હીંચકે ઝૂલવું' જેવા કેટલાક નિબંધોને અનુલક્ષીને ઊંચું હાસ્ય નિષ્પન્ન કરવાના લેખકનાં અભિગમો, તરીકાઓ, ગદ્યછટાઓ અને કલાકીય ખેવનાની ઉચિત નોંધ લીધી છે. સમયવર્તી સંદર્ભોને અતિક્રમીને પણ એમના નિબંધો કેવા ચિરંજીવ અંશો પ્રકટ કરે છે, તેના પ્રતિ આપણું ધ્યાન દોરેલું છે.

નિબંધકાર શ્રી પ્રવીણભાઈ દરજીની કેફિયત આપણને 'નિબંધ કેવી રીતે લખું છું ?'માં આસ્વાદ્ય રીતે રજૂઆત પામેલી પ્રતીત થાય છે. અહીં પ્રારંભે બે પ્રશ્નો ઉપસ્થિત કરી તેના ઉત્તરો અપાયા છે. પ્રશ્નોના ઉત્તર આપતી વખતે મનોગત અને બહિર્ગત લીલાઓનો નિર્દેશ કરીને કહે છે, 'હું મારા ભીતર-બહારને, સૃષ્ટિના ભીતર-બહારને, તેની લીલાઓને પ્રકટ કરવા લખું છું.' 'કેવી રીતે લખું છું ?'નો પ્રત્યુત્તર આપતાં યોગ્ય રીતે કહે છે કે 'કોઈ સ્વરૂપની કોઈ નિશ્ચિત 'કારિકાઓ' સિદ્ધાન્તો ન હોય, આકૃતિ મનમાં જ બંધાઈ જતી હોય છે.' આથી નિષ્કર્ષ રૂપે નિવેદન કરે છે, 'હું નિબંધ મારી રીતે જ લખું છું !' આ કેફિયત કદાચ સર્વ સાહિત્યસ્વરૂપોના સર્જકોને એકસરખી લાગુ પડે છે ! અહીં ડૉ. દરજીએ સાચે જ આત્મમંથન કરીને સ્પષ્ટ કર્યું છે કે 'નિબંધની રૂઢ કારિકાઓને છોડવાનો પ્રયત્ન' તથા 'નિજી રીતે એની શક્યતાઓને તાગવાની મથામણ તેમાં હોય છે. આમ નિબંધ 'શા માટે ?' ને 'કેવી રીતે લખું છું ?'નો ખુલાસો થાય છે.

'ગમતા નિબંધો' એ એક મિત્રે તેમને સોંપેલા કાર્યના પ્રતિભાવ રૂપે થયેલું લખાણ છે. તેમાં પોતે વાંચેલા પાશ્ચાત્ય અને અત્રત્ય નિબંધકારોના નિબંધોને ઊડતી નજરે જોવાનો પ્રયાસ છે. મોન્ટેઇન, ચાર્લ્સ લૅમ્બ, રૉબર્ટ લિન્ડ, ઍમર્સન, આર. એલ. સ્ટીવન્સન, બેકન આદિના નિબંધોની લાક્ષણિક ઝલકનો નિર્દેશ છે, એની સાથે અત્રત્ય ટાગોર, કાકાસાહેબ, હજારીપ્રસાદ દ્વિવેદી, અજ્ઞેય જેવા ભારતીય નિબંધકારોનો ઉલ્લેખ છે. અહીં ગુજરાતી નિબંધકારોમાંથી કોઈ કેમ નહિ ઉલ્લેખાયું હોય ? જોકે આ લઘુલેખ 'વાર્તિક' જેવો બની રહે છે, અને તેમણે પોતે જ લેખમાં 'આવી યાદી' એવો શબ્દપ્રયોગ કરીને એક અછડતી સંક્ષિપ્ત રૂપરેખા જેવા આ સ્વરૂપનું સૂચન કર્યું છે !

'કા કથા ?' પ્રાપ્ત થયેલો શ્રી ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક અર્પણ થતાં આપેલું પ્રત્યુત્તરપ્રવચન છે. એ પણ એક મજાની કેફિયત છે. પોતાના શૈશવના માપને પ્રારંભે યાદ કરીને થયેલા પોતાના વ્યક્તિત્વવિકાસનું રસપ્રદ બયાન શ્રી દરજી દ્વારા થયું છે. કૈશોર્ય, પરિવારઝલક, શિક્ષણ અને પછીથી અધ્યાપક તથા શબ્દલોકના યાત્રી બન્યા ત્યાં સુધીનું અતીતદર્શન સુપેરે વ્યક્ત થાય છે. પોતે વિદ્વાનોના કેવા પ્રશંસાપાત્ર બન્યા, તેનો અહેવાલ નામોલ્લેખ સાથે કરી તેમની પ્રાતિભશક્તિથી આપણને વિદિત કર્યા છે. આવાં ભાષણોમાં આ પ્રકારનું Stock-taking સરવૈયું સહેજે આવી જાય. આ આત્મકથન કરતાં કરતાં શ્રી પ્રવીણભાઈએ નીચેની બાબતો ગાંઠે બાંધી લીધી છે : 'મારાં કાવ્યો એ મારા 'હું'ને પામવાની પ્રક્રિયા છે.', 'મારા નિબંધો એ મારા 'હું'ને વિસ્તારવાની પ્રક્રિયા છે' અને 'મારું વિવેચન મને કળાવિવેક પાસે લઈ જનારી પ્રક્રિયા છે.' એમના વાચન-પરિશીલનમાંથી અત્રત્ય-પાશ્ચાત્ય સાહિત્યમાંથી દૃષ્ટાન્તો આપીને તેમણે પોતાના વક્તવ્યને સમર્થિત કરેલું છે. આવા પ્રસંગે પોતાને શી વાત – કા કથા – કહેવાની હોય ? – એવો વેધક પ્રશ્ન કરીને તેમણે પોતાની વિનમ્રતાને વારંવાર પ્રગટ કરી છે, છતાં એનું ગૌરવ પણ કર્યું છે !

પુસ્તકના બીજા વિભાગમાં 'વિ.ક.ની વિશિષ્ટ ડાયરી'માં સ્વ. વિજયરાય ક. વૈદ્યની પ્રવાસડાયરી 'ખુશ્કી અને તરી'ની કેટલીક વિશિષ્ટતાઓની નિરીક્ષા કરી છે. સ્વાતંત્ર્યપૂર્વેની યુગવર્તી તસવીર એમાં નોંધ રૂપે જળવાયેલી હોઈ એનું મહત્ત્વ એક નિબંધિકાનું કલેવર પ્રકટ

કરે છે, તે શ્રી દરજીએ અનેક સંદર્ભો સાથે દર્શાવ્યું છે. 'વિનોદકાન્ત' ઉપનામધારી આ વિલક્ષણ પદ્યકારના પ્રસન્નમધુર વ્યક્તિત્વને તેઓ બરાબર ઉજાગર કરી શક્યા છે. 'ગુણવંતરાય આચાર્યની નિબંધસૃષ્ટિ' આપણા સાગરકથાઓથી પ્રસિદ્ધ નવલકથાકારના પુસ્તક 'આપણે ફરી ન વિચારીએ ?'ના સોળેક જેટલા નિબંધો પરનો તટસ્થ દૃષ્ટિપાત બને છે. એમાં પ્રગટતા લેખકના 'વિચારદ્રવ્ય' અને 'હૃદયદ્રવ્ય'માં જળવાતા તાટસ્થ્યની નોંધ લેવાઈ છે. ખાસ કરીને સ્વાતંત્ર્યોત્તર રાજકારણીઓનાં કલુષિત ચરિત્રોથી ખિન્ન એવા નિબંધકારનો આક્રોશ શ્રી પ્રવીણભાઈથી અછતો રહ્યો નથી. આપણા પીડાતા મધ્યમવર્ગની પરિસ્થિતિ તથા કેટલાંક વ્યક્તિચિત્રો રજૂ થયાં હોઈ 'ગુણવંતરાયના દેશહિતૈષી વિચારો' રજૂ કરતા આ નિબંધો આજેય રસપ્રદ બને તેવા તેમને લાગ્યા છે. ગુણવંતરાયના 'સુભાષચંદ્ર બોઝ' જેવા ચરિત્રગ્રંથનું ગદ્ય પણ નોંધપાત્ર છે. નિબંધકારના વિચારો, સંવેદનો, ચરિત્રાત્મક આલેખનની શક્તિ અને ગદ્યને આલોચકે સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોક્યાં છે. એ જ રીતે 'મુકુન્દરાય પારાશર્યના નિબંધો'માં પણ આ કવિ-નિબંધકારનાં લખાણોમાં હેતુલક્ષિતા, પોતાની જાત-ઓળખ, અધ્યાત્મ અને ઈશ્વર જેવાં તત્ત્વો વારંવાર દેખાય છે, તેવું તારણ કરી તેમને 'શુભચિંતક સહૃદયી નિબંધકાર' તરીકે સ્થાપે છે. એક સર્વગ્રાહી અધ્યયનલેખ રૂપે અહીં ડૉ. દરજીનાં પરિશીલન અને પરિશ્રમ હૃદ્ય રીતે પ્રગટ્યાં છે.

'ચરિત્રનો મધપૂડો' એ સ્વ. રમણલાલ ચી. શાહ લિખિત ચરિત્રલેખોનો સંપાદકીય પ્રવેશક છે. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે સ્વ. ર. ચી. શાહે કેટલુંક ચરિત્રાત્મક સાહિત્ય લખેલું એનું આ અવસાનોત્તર પ્રકાશન છે. સાધુ, સાધ્વી, સંતજનો, સાહિત્યકારો, કેળવણીકારો, સમાજસેવકો તથા વ્યક્તિવિશેષનાં આ ચરિત્રોમાં પ્રગટતી માનવીય ગરવાઈ, ઉદાત્તતા, ભાવનાશીલતા, ત્યાગતપ આદિ ઉજ્જ્વલ અંશોને ચરિતાર્થ કરતા આ ચરિત્રસંચયને તેમણે યોગ્ય રીતે 'મધપૂડો' કહ્યો છે. આ ચરિત્રલેખોમાં શ્રી બુદ્ધિસાગરસૂરિ મહારાજ, વિજયરામચંદ્રસૂરિ મહારાજ, પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજ જેવી પ્રાતઃસ્મરણીય વિભૂતિઓનાં આઠ જેટલાં ચરિત્રો છે, તો પંડિત સુખલાલજી, ઉમાશંકર જોશી, ચં. ચી. મહેતા જેવી સાહિત્યિક પ્રતિભાઓનાં ચરિત્રો પણ આલેખાયાં છે. હંસાબહેન જી. મહેતા, ડૉ. ઉષાબહેન મહેતા જેવાં નારીરત્નોની પ્રભાવક ઝલક અહીં છે. તેમના એટલે કે ર. ચી. શાહનાં માતાપિતા સમેત કુલ ૨૯ જેટલાં ચરિત્રોનાં ઉજ્જ્વલ પાસાં અહીં આલેખન પામ્યાં છે. આ ચરિત્રોની મધુરતાને માણીને ડૉ. દરજીએ એનું આલોચન કર્યું છે. જોકે શ્રી રમણભાઈ ચી. શાહ જેવા આદરણીય સુજનને માટે લગભગ સર્વત્ર સમયવયસ્કી સંજ્ઞા 'રમણલાલ' યોજી છે. તેને બદલે 'શ્રી રમણલાલ' કે 'શ્રી રમણભાઈ' જેવો શબ્દપ્રયોગ ઉચિત ન લાગે ? આ એક તર્જનીસંકેત છે, ભલા !

પ્રવાહદર્શન વિભાગમાં 'ચિન્તનાત્મક નિબંધ', 'ગુજરાતી લલિત નિબંધ', 'ગાંધી-અનુગાંધીયુગીન ગુજરાતી નિબંધ' તથા 'દસમા દાયકાનો નિબંધ' જેવા ચાર લેખોમાં ઐતિહાસિક વિકાસગતિના સ્થિત્યંતરોને તારવતો અભિગમ અપનાવાયો છે. શ્રી દરજીએ તેમની રસપ્રદ શૈલી તથા પરિશીલનસૂઝથી અહીં આલેખ રચી આપ્યો છે. એમાં કેવળ સરવૈયું ('સ્ટૉક ટેકિંગ') નથી, આપણા નિબંધે જે તે સમયે દાખવેલા ઉન્મેષો – વળાંકોની પણ ચર્ચા કરી છે. ગુજરાતી ગદ્યની જે છટાઓ તેમાં નીખરતી ગઈ છે, તે નજર-અંદાજ થઈ નથી. વળી દસમા દાયકાના નિબંધની જૂની રીતિ સાથે નવી કલમોનું જે પ્રદાન થયું છે, તેની બરાબર નોંધ લેવાયેલી છે.

સંગ્રહના ચોથા અને છેલ્લા વિભાગમાં કેટલાક નિબંધસંગ્રહોની કૃતિલક્ષી સમીક્ષા પ્રાપ્ત થાય છે. શ્રી ભોળાભાઈ પટેલના ભ્રમણવૃત્ત 'દેવોની ઘાટી'નું લેખનવૈશિષ્ટ્ય દર્શાવતા એમાંના ડાયરી-પત્રલેખન જેવા અભિગમોથી એમાં પ્રતીત થતું ગદ્યવૈવિધ્ય રસપ્રદ બને છે, તેને યોગ્ય રીતે આલોકિત કરવામાં આવ્યું છે. શ્રી લાભશંકર ઠાકરના નિબંધવાર્તિકસંગ્રહ 'મન જળ થંભ થયેલું' પ્રેરક અને ઉત્તેજક વિચારણા તથા ધારદાર કટાક્ષ-વ્યંગ વીંઝે છે, તે દર્શાવાયું છે. પુસ્તકના વિલક્ષણ ગદ્યની નોંધ લઈ શ્રી દરજીએ લા. ઠા.ની આ નિર્બંધિકાઓને યોગ્ય રીતે 'મનઃશુદ્ધિનું ટૉનિક' કહી છે.

શ્રી યશવંત ત્રિવેદીના કવિવ્યક્તિત્વને દાખવતા નિબંધોની સમીક્ષા કરતી વેળા પણ 'કવિ યશવંતના નિબંધો' એવું દ્યોતક શીર્ષક આપે છે. તેથી લખે છે : 'કવિ યશવંતની એક વાક્યમાં ઓળખ આપવી હોય તો તેને ઊર્મિ-ઉત્સવનો કવિ કહેવો પડે.' સંગ્રહના નિબંધોમાંનું લાલિત્ય-માધુર્ય માણીને તેમાંના કથિત્વ-ઊર્ધ્વની અભીપ્સાથી શ્રી દરજી ખૂબ પ્રભાવિત થયા છે. શ્રી રતિલાલ બોરીસાગરના હાસ્યનિબંધસંગ્રહ 'તિલક કરતાં ત્રેસઠ થયાં'માંની હાસ્યપ્રયુક્તિઓનો પરિચય કરાવી તેમના મંદમધુર હાસ્યની વિશિષ્ટતાઓ તારવી બતાવી છે. તેમના હાસ્યનું અનુસંધાન જ્યોતીન્દ્ર દવેના હાસ્ય સાથે સાધી આ હાસ્યનિબંધકારના મર્માળા વેધત્વને તેઓ પામી શક્યા છે. શ્રી પ્રફુલ્લ રાવલના 'ફાનસને અજવાળે' સંગ્રહની અતીતની સ્મૃતિઓ, તેમની સંવેદનાઓ, તેમના નિજાનંદી વ્યક્તિત્વની ઝલક બરાબર વ્યક્ત કરી શકાઈ છે. 'મૈં કુછ નહીં જાનું'માં પ્રકટ થતી ડૉ. કેશુભાઈ દેસાઈનાં કટાક્ષ, ટોળ-ટીખળ તથા વ્યક્તિચિત્રાંકનની કલા પણ સારી રીતે આલોકિત થઈ છે. યુવા પત્રકારમિત્ર શ્રી દિવ્યેશ ત્રિવેદીના સંગ્રહ 'આનંદવન'ની પ્રસ્તાવના પણ અહીં ગ્રંથસ્થ થઈ છે. લેખક સમભાવથી એનું અવલોકન કરે છે. જોકે આમાંના કેટલાક નિબંધસંગ્રહો પત્રકારત્વની આડનીપજ જેવા છે. કૃતિસમીક્ષામાં પ્રારંભમાં લેખક સાથેનો પોતાનો સંબંધ, તેમના વ્યક્તિત્વની ઝલક, કૃતિના પ્રભાવક અંશો, એનું ગદ્ય એવા ક્રમે લેખનનો વિકાસ કરે છે. કેટલાક સંગ્રહોની સમીક્ષામાં તેમનો ગુણગ્રાહી અભિગમ વરતાય છે.

'નિબંધબોધ'ના નિબંધોમાં આ સાહિત્યસ્વરૂપનાં જૂજવાં પાસાં જોવા મળે છે. તેમાં સર્વત્ર 'લેખકની છબી' બરાબર ઊપસે છે. શાસ્ત્રીય લેખન, પ્રશ્નચર્ચાગોષ્ઠિમાં તેમનામાં રહેલો લલિત નિબંધકાર અવારનવાર ડોકાય છે ! એથી જ અહીં લલિત નિબંધને રૂપક શૈલીમાં 'વરઘોડો' કહેવાય છે ! 'કોઈ સૈનિકની જેવી નરી શિસ્તબદ્ધતા દાખવતો', 'અલગારી' અને 'ભ્રમરની જેમ ભૃં ભૃં કરતો' આલેખાય છે ! આથી આપણને આ લેખોમાંથી પસાર થતાં એવું મન થાય છે કે લેખક ભલે ગમે તે વ્યાપ્તિ બાંધે કે તારણ કાઢે, ચાલો, આપણે આ ગદ્યને જ માણીએ ! 'ચાલના' એમનો પ્રિય શબ્દ છે, તેથી આ સ્વરૂપની 'અગણિત ચાલનાઓ'થી આપણું ધ્યાન દોર્યા કરે છે ! 'નંદ સામવેદી' (ચં. શેઠ)ને શ્રી દરજીએ યોગ્ય રીતે જ 'અરૂઢતાની ચાલનાવાળા નિબંધોનો સંગ્રહ' કહીને ઓળખાવ્યો છે, તો 'ગુજરાતી લલિત નિબંધ' લેખમાં ડૉ. પ્રવીણભાઈ વિશે આકારવાદનાં અભ્યાસી ડૉ. નીતાબહેન ભગત પણ તેમના ઉદ્ધૃત પરિચ્છેદમાં '....કેટલીક રચનાઓ સાવ અરૂઢ ચાલનાએ લખાઈને લલિત નિબંધના સ્વરૂપનો પણ એક નવો ચહેરો પ્રસ્તુત કરે છે' – એવું વિધાન સ્વસ્થ રીતે કરે છે. અહીં અતિસ્તુતિ કે છિદ્રાન્વેષણ નથી, સીમાઓનો સંકેત કરવામાં આવ્યો છે. 'નિબંધબોધ'માં ડૉ. દરજીની આ સ્વરૂપ વિશેની સ્વસ્થ, રસપ્રદ 'સમજ' પ્રકટ થાય છે.